# ગાંધીનગર સમાચાર

**તાપમાન**
મહત્તમ : ૩૩.૮ ડીગ્રી
લઘુતમ : ૨૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૦ ટકા ● સાંજે ૬૮ ટકા

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૦૩ | ૨૩ જૂન, ૨૦૧૬, ગુરૂવાર ; જેઠ વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ૭ મોટી બેંકોમાં ૨૬ બેંકોને મર્જ કરવા સક્રિય વિચારણા

નવીદિલ્હી,તા. ૨૨

સરકાર ૭ મોટી બેંકોમાં ૨૬ બેંકોને મર્જ કરવાની દિશામાં વિચારણા કરી રહી છે. આની સાથે જ ૭ મોટી બેંકો થઈ જશે.સરકારી અધિકારીને ટાંકીને આજે આ મુજબની વાત કરવામાં આવી હતી. એસબીઆઈ, પંજાબ નેશનલ બેંક, કેનેરા બેંક, યુનિયન બેંક, બેંક ઓફ બરોડા, બેંક ઓફ ઈન્ડિયા જેવી મોટી બેંકોમાં તમામ ૨૬ બેંકોને મર્જ કરવામાં આવશે.

આ દરખાસ્તના ભાગરુપે સિન્ડિકેટ બેંક, આઈઓબી, યુકો બેંક, કેનેરા બેંક સાથે મર્જ કરવાની હિલચાલ ચાલી રહી છે. જ્યારે સેન્ટ્રલ બેંક અને દેના બેંકને યુનિયન બેંક સાથે મર્જ કરી દેવામાં આવશે. આંધ્ર બેંક, બેંક ઓફ મહારાષ્ટ્ર, વિજ્યા બેંક જેવી અન્ય બેંકોને બેંક ઓફ ઈન્ડિયા સાથે મર્જ કરી દેવામાં આવશે.

# ઉત્તર ભારતમાં મોનસુનની એન્ટ્રી

### વિજળી પડવાના બનાવથી યુપી, બિહાર, ઝારખંડમાં ૧૦૪ના મોત : ઉત્તરાખંડમાં ભારે વરસાદની આગાહી : ચાર ધામની યાત્રા ખોરવાઈ જાય તેવી શક્યતા



નવી દિલ્હી,તા. ૨૨

ઉત્તર ભારતમાં મોનસુનની એન્ટ્રી થઈ ગઈ છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં ૩૦મી જૂનની આસપાસ વરસાદ પહોંચે તેવી શક્યતા છે. દિલ્હી, રાજસ્થાન, હરિયાણા, પંજાબમાં દક્ષિણ પશ્ચિમ મોનસુન માટે હજુ ૩૦મી જૂન સુધી રાહ જોવી પડશે. ત્યાં સુધી પ્રિ-મોનસુન વરસાદી ઝાપટાનો દોર જારી રહી શકે છે. મોનસુનની દુષ્કાળગ્રસ્ત વિદર્ભ અને મહારાષ્ટ્રના મરાઠવાડા પ્રદેશ તથા ઉત્તર પ્રદેશમાં બુંદેલખંડ તથા મધ્યપ્રદેશમાં મોનસુનની એન્ટ્રી થઈ ગઈ છે. અન્ય ઉત્તરીય રાજ્યો પણ વરસાદ હેઠળ આવી ગયા છે. જો કે, મહારાષ્ટ્રમાં ખુબ ઓછા વિસ્તારો મોનસુની વરસાદ હેઠળ આવ્યા છે. મહારાષ્ટ્રમાં મધ્ય ભાગમાં મોનસુનની એન્ટ્રી થઈ ગઈ છે જેમાં વિદર્ભના કેટલાક ભાગોનો સમાવેશ થાય છે. પૂર્વીય મધ્યપ્રદેશ, બિહાર, ઉત્તર પ્રદેશના પૂર્વ અને અન્ય કેટલાક ભાગો, હિમાચલ અને જમ્મુ કાશ્મીર તથા ઉત્તરાખંડમાં મોનસુનની એન્ટ્રી થઈ ગઈ છે. ઉત્તરાખંડમાં અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે જેથી ચારધામની યાત્રા ખોરવાઈ પડે તેવી શક્યતા છે. રુદ્રપ્રયાગની આસપાસ પણ ભારે વરસાદ થઈ શકે છે. કુમાવમાં ભારે વરસાદ થયો છે.

● અનુસંધાન પાન-૭ પર

## ખરાબ હવામાનના પરિણામે રાષ્ટ્રપતિ મુખર્જી ફસાઈ ગયા

### રાષ્ટ્રપતિ ગૌરીકુંડમાં પહોંચ્યા બાદ પરત ફરવાની ફરજ રાષ્ટ્રપતિની યાત્રાને લઈને કેદારનાથમાં સઘન સલામતી



નવીદિલ્હી,તા. ૨૨

રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને આજે કેદારનાથમાં જવાની મંજુરી આપવામાં આવી ન હતી. તેમના હેલિકોપ્ટરે ઉડાણ ભરી ન હતી. હવામાન સાફ થાય તેની હવે રાહ જોવામાં આવી હતી. હવે સ્થિતીમાં સુધારો થયા બાદ જ મુખર્જી કેદારનાથ ધામમાં જશે. બીજી બાજુ તેમને કેદારનાથ પહોંચી ગયા બાદ હેલિપેડથી મંદિર સુધી લઈ જવા માટે પાલકી સજાવી દેવામાં આવી છે. હેલિપેડ ખાતે પહેલાથી જ તમામ તૈયારી કરવામાં આવી હતી. ઝારખંડમાં હાલમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. કેદારનાથમાં રાષ્ટ્રપતિના પ્રવાસને લઈને અગાઉ પહેલાથી જ તૈયારીઓ પરિપૂર્ણ કરવામાં આવી હતી. વ્યવસ્થાની જવાબદારી ગડવાલ કમિશનરને સોંપવામાં આવી હતી. મંગળવારના દિવસે જ મોટી સંખ્યામાં અધિકારીઓ કેદારનાથ પહોંચી ગયા હતા. કેદારનાથધામમાં રહેલી તમામ સુવિધાઓની સમીક્ષા કરવામાં આવી હતી. કેદારનાથમાં સુરક્ષા વ્યવસ્થાને પણ વધારી દેવામાં આવી હતી.

# ઈસરોની ઐતિહાસિક સિદ્ધિ

### ૨૦ સેટેલાઇટ એક સાથે લોંચ કરાયા : આખરે પીએસએલવી-સી૩૪ કાર્ટોસેટ-૨ સિરિઝના ૭૨૭.૫ કિલોના સેટેલાઇટ સાથે અન્ય ૧૯ ઉપગ્રહ લઇને અંતરિક્ષમાં પહોંચતા ખુશીનું મોજુ



નવી દિલ્હી,તા. ૨૨

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ઈસરો) આજે તેની યશકલગીમાં વધુ એક મોરપીછું ઉમેરી લીધુ હતુ. કારણ કે એક સાથે ૨૦ સેટેલાઈટ સવારે લોંચ કરી દેવામાં આવ્યા હતા. આની સાથે જ ખુશીનુ મોજુ ફરી વળ્યુ હતુ. પીએસએલવી સી-૩૪ કાર્ટોસેટ-૨ સિરિઝના ૭૨૭.૫ કિલોગ્રામના સેટેલાઈટ સાથે ૧૯ અન્ય સેટેલાઈટ લઈને અંતરિક્ષમાં રવાના થતાં વિશ્વભરમાં ભારતનું નામ રોશન થયું હતું. આંધ્રપ્રદેશના શ્રીહરિકોટાના સતિષ ધવન અંતરિક્ષ કેન્દ્રથી પીએસએલવી સી-૩૪ મારફતે ૨૦ ઉપગ્રહોને એક સાથે લોંચ કરી દેવામાં આવ્યા હતા. ઈસરોના ઈતિહાસમાં વધુ એક પ્રકરણ આજે

● અનુસંધાન પાન-૭ પર

# સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતમાં વરસાદ

### અમરેલીમાં ત્રણ ઇંચ : હિંમતનગરમાં વિજળી પડતા બે લોકોને ઇજા થઇ હોવાના અહેવાલ : મોટાભાગના વિસ્તારોમાં મેઘમહેરની શરૂઆત : ભરુચ, ખેડા, ભાવનગર, અમરેલી, સુરતમાં વરસાદ : દક્ષિણ પશ્ચિમ મોનસુનની આગેકૂચ થતાં આનંદ

અમદાવાદ,તા. ૨૨

દક્ષિણ પશ્ચિમ મોનસુનની ગુજરાતમાં આખરે એન્ટ્રી થઈ ગઈ હોવાની માહિતી મળી છે. આજે ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. દક્ષિણ ગુજરાતમાં સુરત, સૌરાષ્ટ્રમાં જુદી જુદી જગ્યાઓ ઉપર વરસાદ થયો છે. સૌરાષ્ટ્રમાં અમરેલીના ખાંભામાં ત્રણ ઈંચથી વધુ વરસાદ પડતા અનેક જગ્યાઓ પાણી પણ ભરાઈ ગયા હતા. રાજ્યના દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્રના વિવિધ ભાગોમાં પણ વરસાદ થયો છે. દક્ષિણ ગુજરાતમાં વરસાદની સાથે સાથે અમદાવાદ શહેરમાં પણ વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગ તરફથી આગાહી કરતા જણાવવામાં આવ્યું છે કે, આ વખતે ખુબ સારો વરસાદ પડી શકે છે.



અમદાવાદ અને રાજ્યના અન્ય ભાગોમાં સારો વરસાદ થઈ શકે છે. સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં બેથી ત્રણ ઈંચ જેટલો વરસાદ પડવાની વાત કરવામાં આવી છે. દક્ષિણ પશ્ચિમ મોનસુન સૌરાષ્ટ્રના કાંઠાના વિસ્તારોમાં ઉત્તર દક્ષિણ ગુજરાતમાં પહોંચી ગયું છે. હવામાન વિભાગ તરફથી હવે જોરદાર વરસાદની આગાહી કરવામાં આવી છે. જો કે, હજુ સુધી આ પ્રકારની આગાહી સતત કરવામાં આવી રહી છે. દક્ષિણ પશ્ચિમ મોનસુન દરિયાકાંઠાના સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને પૂર્વ મધ્ય ગુજરાતમાં પહોંચી ગયું છે. ગુજરાત ઉપર મોનસુન સક્રિય છે. આગામી દિવસોમાં પણ વરસાદ યથાવતરીતે જારી રહી શકે છે. બીજી બાજુ આજે અમદાવાદમાં બપોર બાદ વરસાદ પડ્યો હતો. અમદાવાદમાં મહત્તમ તાપમાન આજે ૩૬ ડિગ્રી રહ્યું હતું. અમરેલી, ઓખા, કંડલા પોર્ટ, ડિસા, ઈડર, સુરત સહિતના વિસ્તારોમાં વરસાદ નોંધાયો છે. ભરુચમાં પણ મેઘમહેર થઈ છે. હિંમતનગરમાં વિજળી પડતા બે લોકો ઘાયલ થયા છે. સાબરકાંઠા, ભાવનગર, અમરેલીમાં મેઘમહેરની શરૂઆત થઈ છે.

દક્ષિણ ગુજરાત અને અમદાવાદમાં આગામી ૨૪ કલાકમાં સારો વરસાદ પડશે તેવી આગાહી થઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અમરેલી અને સૌરાષ્ટ્રના અન્ય ભાગોમાં ગઈકાલે પણ વરસાદ પડ્યો હતો. તાપમાનમાં પણ ઘટાડો થયો હતો.

## રાજ્યના ૩૧ સિનિયર સનદી અધિકારીઓની બદલીના હુકમો

| અધિકારીઓનું નામ | હાલનું સ્થળ | બદલીનું સ્થળ |
|---|---|---|
| એમ એસ ડાગુર | અધિક મુખ્ય સચિવ સમાજિક ન્યાય | અધિક મુખ્ય સચિવ વન વિભાગ સચિવાલય |
| સુજીત ગુલાટી | અધિક મુખ્ય સચિવ શિક્ષણ વિભાગ | અધિક મુખ્ય સચિવ ઉર્જા વિભાગ, સચિવાલય |
| પુનમચંદ પરમાર | અગ્ર સચિવ વન વિભાગ સચિવાલય | અગ્ર સચિવ શહેરી વિકાસ સચિવાલય |
| સંજય પ્રસાદ | અગ્ર સચિવ મજુર અને રોજગાર વિભાગ, સચિવાલય | અગ્ર સચિવ કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય |
| વિપુલ મિત્રા | ડાયરેક્ટર જનરલ, સ્પિપા અમદાવાદ | અગ્ર સચિવ બંદર અને વાહન વ્યવહાર સચિવાલય |
| રાજીવ ગુપ્તા | અગ્ર સચિવ શહેરી વિકાસ સચિવાલય | અગ્ર સચિવ શિક્ષણ વિભાગ સચિવાલય |
| એલ ચુઆંગો | અગ્ર સચિવ ઉર્જા અને પેટ્રો કેમિકલ્સ સચિવાલય | અગ્ર સચિવ મજુર અને રોજગાર વિભાગ સચિવાલય |
| રાજગોપાલ | અગ્ર સચિવ બંદર અને વાહન વ્યવહાર વિભાગ સચિવાલય | અગ્ર સચિવ પંચાયત અને શહેરી વિભાગ, સચિવાલય |
| અનુરાધા મલ | અગ્ર સચિવ મહિલા અને બાળ વિકાસ વિભાગ સચિવાલય | ચીફ એજ્યુકેટીવ ઓફિસર ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી, ગાંધીનગર |
| અનિતા કરવલ | મુખ્ય નિર્વાચન અધિકારી ગુજરાત રાજ્ય | અગ્ર સચિવ જીએડી તથા ડાયરેક્ટર જનરલ, સ્પિપા, અમદાવાદ |
| કમલ દાયાની | ટ્રાન્સપોર્ટ કમિશનર ગાંધીનગર | અગ્ર સચિવ સામાજીક ન્યાય વિભાગ સચિવાલય |
| ડી. થારા | મ્યુનિ. કમિશનર અમદાવાદ | મેનેજિંગ ડાયરેક્ટર જીઆઈડીસી ગાંધીનગર |
| મોના ખંધાર | સચિવ, ઍનિમલ હસબન્ડરી કૃષિ અને સહકાર વિભાગ ગાંધીનગર | સચિવ નાણાં વિભાગ સચિવાલય, ગાંધીનગર |
| ટી નટરાજન | સચિવ નાણાં વિભાગ સચિવાલય, ગાંધીનગર | સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર સર્વ શિક્ષા અભિયાન, ગાંધીનગર |
| મુકેશકુમાર | સર્વ શિક્ષા અભિયાન ગાંધીનગર | મ્યુનિસિપલ કમિશનર,અમદાવાદ |
| અરૂણકુમાર સોલંકી | અગ્ર સચિવ, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય | મેનેજિંગ ડાયરેક્ટર જીએમડીસી, અમદાવાદ |
| હરિત શુક્લ | ડેવલોપમેન્ટ કમિશનર ગાંધીનગર સચિવાલય | કમિશનર જમીન સુધારણા |
| ડી એન પાંડેય | રાહત કમિશનર, ગાંધીનગર | મુખ્ય વહીવટી અધિકારી અને પુર્નવસન કમિશનર, સરદાર સરોવર પુર્નવસવાટ એજન્સી વડોદરા |
| મનોજ અગ્રવાલ | મેનેજીંગ ડાયરેક્ટર, જીઆઈડીસી ગાંધીનગર | વિકાસ કમિશનર, ગાંધીનગર |
| એચ એસ પટેલ | મ્યુનિસિપલ કમિશનર વડોદરા | વધારાના મુખ્ય અધિકારી ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ગાંધીનગર |

● અનુસંધાન પાન-૭ પર


**ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ**

ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે

- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય

ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

STOCK MARKET LEADER REQUIRED FOR NEW OFFICE AT INFOCITY / SECTOR - 21
- Equity/Commodity Dealer : 2 Post
- Front Office Asst : 2 Post - Male

Deserving Candidate will get best salary package.Walk with full CV.
Bestboi Fin Solution AP of Kotak Securities Ltd.
F-13, Meghmalhar, Sector-11
Opp CNG pump, G'nagar. 9974703401
Mail : bestboi123@gmail.com

ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225